RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 354 * Date: 14.10.2024,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




# ફરી નિજ્જર મુદ્દે કેનેડાની અવળચંડાઈ!



આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા મામલે ભારત સરકારે કેનેડાને જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો કોઈપણ પુરાવા રજૂ કર્યા વિના આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા માટે મોદી સરકાર પર પાયાવિહોણા આરોપો ન લગાવી શકે કરી શકે નહીં. આ ઉપરાંત ભારતે કહ્યું કે,જસ્ટિન ટ્રૂડો કહેવાતા અપરાધીઓને પકડવા માટે પોતાની તપાસ એજન્સીઓને રાજકીય નિર્દેશ ન આપી શકે.

૧૨ ઓક્ટોબરના રોજ ભારતના ટોચના સુરક્ષા અધિકારીઓએ કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો સરકારના અધિકારી સાથે મુલાકાત કરી હતી. તેમાં ભારત સરકારે કહ્યું છે કે, તપાસ એજન્સી આરસીએમપીના આરોપો ખોટા છે. તમને જણાવી દઈએ કે, આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા કેસની તપાસ આરસીએમપી કરી રહી છે.મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે, જસ્ટિન ટ્રુડો અને વડાપ્રધાન મોદી વચ્ચે ૧૧ ઓક્ટોબરના રોજ આસિયાન શિખર સમ્મેલનમાં મુલાકાત થઈ હતી. આ દરમિયાન જ્યારે પીએમ મોદી લાઉન્જથી ડાઈનિંગ વેન્યુ તરફ જઈ રહ્યા હતા ત્યારે જસ્ટિન ટ્રુડોએ તેમની સાથે આ મામલે વાત કરી હતી. તેના પર વડાપ્રધાન મોદીએ તેમને કહ્યું હતું કે આ મુદ્દા પર વાત કરવાનો આ યોગ્ય સમય નથી.રિપોર્ટ્સમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, બંને નેતાઓએ હાથ પણ નહોતા મિલાવ્યા. તમને જણાવી દઈએ કે કેનેડામાં આગામી વર્ષે સામાન્ય ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. આવી સ્થિતિમાં તેઓ પોતાની ખાલિસ્તાની વોટ બેંકની રાજનીતિ માટે ભારતને નિશાન બનાવી રહ્યા છે. આ વાતચીતને લઈને ભારતે પોતાના નિવેદનમાં કહ્યું હતું કે બંને નેતાઓ વચ્ચે કોઈ પણ ઠોસ ચર્ચા નથી થઈ.

આ મામલે વરિષ્ઠ ભારતીય અધિકારીઓનું કહેવું છે કે ભારત પાસે આ મામલે છુપાવવા માટે કંઈ નથી. ટ્રુડો સરકારે ભારતને બદનામ કરવાના કારણો જણાવવા જોઈએ. આ ઉપરાંત ભારતીય અધિકારીઓએ ખાલિસ્તાની આતંકવાદીઓ સામે કાર્યવાહી કરવાની માંગ પણ ઉઠાવી છે. શનિવારે યોજાયેલી બેઠકમાં કેનેડાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર નથાલી જ ડ્રોઈન અને નાયબ વિદેશ મંત્રી ડેવિડ મોરિસને પણ ભાગ લીધો હતો.



તંત્રી સ્થાનેથી..

# આ સપ્તાહે સોના-ચાંદીમાં ઘટાડો જોવા મળ્યો

આ સપ્તાહે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (ૈંમ્તછ)ની વેબસાઈટ અનુસાર, ગયા શનિવારે એટલે કે ૫ ઓક્ટોબરે સોનું રૂ. ૭૫,૯૬૪ પર હતું, જે હવે ઘટીને રૂ. ૭૫,૬૨૩ પ્રતિ ૧૦ ગ્રામ (ઓક્ટોબર ૧૨) પર આવી ગયું છે. એટલે કે આ અઠવાડિયે તેની કિંમતમાં ૩૪૧ રૂપિયાનો ઘટાડો થયો છે.

જ્યારે ચાંદીની વાત કરીએ તો ગયા શનિવારે તે રૂ. ૯૨,૨૦૦ પર હતી, જે હવે ઘટીને રૂ. ૮૯,૯૬૩ પ્રતિ કિલો પર આવી ગઈ છે. આ અઠવાડિયે તેની કિંમતમાં ૨,૨૩૭ રૂપિયાનો ઘટાડો થયો છે. આ વર્ષે ૨૯મી મેના રોજ ચાંદી પ્રતિ શેર રૂ. ૯૪,૨૮૦ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી હતી.

# પૂર્વ સાંસદ નવનીત રાણાને ગેંગરેપની ધમકી:આમિર નામના વ્યક્તિનો પત્ર, લખ્યું- પાકિસ્તાન ઝિંદાબાદ; તેમજ ૧૦ કરોડની ખંડણી માંગી હતી



મહારાષ્ટ્રના અમરાવતીથી પૂર્વ સાંસદ અને ભાજપના નેતા નવનીત રાણાને ધમકીભર્યો પત્ર મળ્યો છે. પત્રમાં નવનીતને ગેંગરેપની ધમકી આપવામાં આવી છે. સાથે જ કહ્યું કે તેમના ઘરની સામે ગાયની કતલ કરવામાં આવશે.

પત્ર મોકલનાર વ્યક્તિએ પોતાનું નામ આમિર જણાવ્યું છે. તેણે ૧૦ કરોડ રૂપિયાની ખંડણી પણ માંગી છે. પાકિસ્તાન ઝિંદાબાદ પણ લખ્યું હતું. આરોપીએ પત્રમાં પોતાનો ફોન નંબર પણ લખ્યો છે.

નવનીત રાણાને લઈને પત્રમાં ઘણા વધુ વાંધાજનક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમજ તેના પતિ રવિ રાણા વિશે પણ અભદ્ર વાતો લખવામાં આવી હતી. રવિ રાણાના અંગત સહાયક વિનોદ ગુહેએ રાજાપેઠ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

અભિનેત્રીથી બન્યા રાજકારણી નવનીત રાણા, વિવાદોમાં રહી નવનીત રાણા એક ફિલ્મ અભિનેત્રી અને રાજકારણી છે. નવનીતે હિન્દી, તેલુગુ, કન્નડ, મલયાલમ અને પંજાબીની ઘણી મોટી ફિલ્મોમાં કામ કર્યું. ૨૦૧૪માં તેણે દ્ધઝ્રૅની ટિકિટ પર અમરાવતીથી લોકસભાની ચૂંટણી લડી હતી, પરંતુ જીતી શકી ન હતી.

વર્ષ ૨૦૧૯માં અપક્ષમાંથી ચૂંટણી લડી હતી. જેમાં તેમણે શિવસેનાના દિગ્ગજ નેતા આનંદ અડસુલને હરાવીને લોકસભાની ચૂંટણી જીતી હતી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તે ભાજપમાં જોડાઈ હતી. મહારાષ્ટ્રની અમરાવતી સીટ પર કોંગ્રેસના બળવંત વાનખેડેએ નવનીત રાણાને ૧૯૭૩૧ મતોથી હરાવ્યા હતા.૮ મે, ૨૦૨૪ના રોજ હૈદરાબાદમાં એક રેલીમાં નવનીતે કહ્યું હતું - જો હૈદરાબાદમાં પોલીસ ૧૫ સેકન્ડ માટે હટે, તો ખબર નહીં પડે કે બંને ભાઈઓ (ઓવૈસી ભાઈઓ) ક્યાં ગયા છે. રાણાના આ નિવેદનને અકબરુદ્દીન ઓવૈસીના ૨૦૧૩માં આપેલા ભાષણનો જવાબ માનવામાં આવે છે, જેમાં તેણે કહ્યું હતું કે જો પોલીસને ૧૫ મિનિટ માટે હટાવી દેવામાં આવશે તો અમે ૨૫ કરોડ (મુસ્લિમો) અને ૧૦૦ કરોડ હિન્દુઓને કતમ કરી દઈશું.

લોકસભા ચૂંટણીમાં નવનીત રાણાને અમરાવતીથી ઉમેદવાર બનાવવાની સાથે ભાજપે તેમને ગુજરાતમાં સ્ટાર પ્રચારક પણ બનાવ્યા હતા. ૫ મેના રોજ ગુજરાતમાં પ્રચાર કરતી વખતે નવનીતે કહ્યું હતું કે જે કોઈને જય શ્રી રામ ન બોલવું હોય તે પાકિસ્તાન જઈ શકે છે. આ હિન્દુસ્તાન છે. જો તમારે ભારતમાં રહેવું હોય તો તમારે જય શ્રી રામ બોલવું પડશે.

એપ્રિલ ૨૦૨૨માં નવનીત રાણા અને તેમના ધારાસભ્ય પતિ રવિ રાણાએ ઉદ્ધવ ઠાકરેના અંગત નિવાસસ્થાન માતોશ્રીની બહાર હનુમાન ચાલીસા વાંચવાની જાહેરાત કરી હતી. આ જાહેરાત બાદ શિવસેનાના હજારો કાર્યકરો માતોશ્રીની બહાર એકઠા થઈ ગયા હતા. તેણે રાણા દંપતી પર ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો. આ પછી નવનીત રાણા અને તેના પતિ વિરુદ્ધ દેશદ્રોહનો કેસ નોંધવામાં આવ્યો હતો. કોર્ટે બંનેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા. જોકે બાદમાં તેને જામીન મળી ગયા હતા.

# "ફાજલ" દશેરા



આ વળી શું છે ? દશેરાને દિવસે 'રાવણ દહન, શસ્ત્ર પૂજન, મારા પિતાજી ચોપાટી જઈ રાખડી છોડાવતા'. આ બધું વર્ષોથી સાંભળ્યું છે, જોયું છે.

જો તમે આ શબ્દનો અર્થ ન સમજ્યા હો તો તમે "ગુજરાતી ' નથી ? દશેરાનું મહત્વ ગુજરાતીઓ માટે ઘણું અગત્યનું છે. ગુજરાતી જન્મ ધર્યો ત્યારથી હું પણ છું. 'ગીતા' પર હાથ મૂકી સત્ય સિવાય બીજું કાંઈ પણ નહી કહું. મા, પિતાજી ગુજરાતના, એટલે હું ગુજરાતી ખરી ને ?
ચાલો તમારી ઈંતજારી સંતોષું, 'ફા એટલે ફાફડા અને જલ એટલે જલેબી' . એક ગુજરાતી બતાવો જે દશેરાને દિવસે 'ફાફડા અને જલેબી નહી ખાતો હોય'. પછી તે ભારતા કોઈ ગામડામાં રહેતો હોય યા મુંબઈ જેવા મજેદાર શહેરમાં. ગુજરાતની તો વાત શી કરવી ? હવે ગુજરાતી ભારત યા ગામડા સુધી સિમિત નથી. !
તા.ક. હવે તો અમેરિકામાં દશેરાને દિવસે ફાફડા અને જલેબી તાજા મળે છે. રોજ ૧૧ વાગે ખુલતી દુકાનો દશેરાને દિવસે સવારે આઠ વાગ્યામાં ખુલી જાય છે. લોકો દૂર દૂરથી ફાફડા અને જલેબી લેવા પહોંચી જાય છે.
યાદ છે ને 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકળ ગુજરાત'. ગુજરાતી આખી દુનિયામાં વસે છે અને 'પંકાયો' છે. સાથે પોતાનું ગુજરાત પોતાની સાથે બિસ્તારામાં લપેટી લઈ ગયો છે. મહેરબાની કરીને 'બિસ્તારા'નો અર્થ ન પૂછશો ! ૧૦૦ ૦/૦ ગુજરાતી તેનો અર્થ જાણે છે.

દશેરા અને ફાફડા જલેબીની વાત કરતી હતી. ગાડી પાટા પરથી ઉતરી ગઈ. જો દશેરાને દિવસે તમે સવારના ચા સાથે 'ફાફડા અને જલેબી; ન ખાવ તો તમારો દિવસ સારો ન જાય. ફાફડા સાથે તળેલા મરચા અને પપૈયાનું ખમણ તો જોઈએ જ. તેના વગર ફાફડા ગળાની નીચે ન ઉતરે.

સાથે હોય મસ્ત મજાની આદુ અને ઈલાયચી વાળી ચા. આજથી ૨૫ વર્ષ પહેલાં હ્યુસ્ટનમાં મારી સહેલી લીના અને વિજય પોતાને ત્યાં બધાને ખાસ ફાફડા જલેબીની મિજલસ રાખતા. વિજય ભાઈ જાતે ફાફડા બનાવતા. આજે પણ એ દિવસો યાદ આવે અને મોંમા પાણી આવી જાય. ઘણા વર્ષો તે મિજબાની માણિ છે. હવે અમે બધા 'ઘરડા' થઈ ગયા. એટલે બહારથી લાવીને ખાઈએ છીએ.
હા, હમણા વાંચવામાં આવ્યું કે ફાફડાના કારિગર એક દિવસનાણ૫૦ થી ૬૦ હજાર રૂપિયા પાડે છે. આંખો પહોળિ થઈ ગઈ. છતાં ખુશિ થઈ એની આવકના આંકડાએ મને મોજ કરાવી.
જુઓ, દશેરાને બે દિવસની વાર છે. અત્યારથી તૈયારી કરો. તમારે કેટલા જોઈશે તે પેલા ભાવસારને ત્યાં ફોન કરી નોંધાવી દો. પછી એમ ન સાંભળવા મળે કે 'ખલાસ થઈ ગયા'.
દશેરાને દિવસે 'રાવણ દહન અને શસ્ત્ર પૂજન' ટી. વી, પર જોવા મળે છે. ફાફડા અને જલેબી ખાવા હોય તો મહેનત કરવી પડે, 'બનાવવાની નહી હીરાલાલ ફાફડાવાલાને ત્યાં લેવા જવાની'.
ક્રિકેટની ટિકિટ જોઈતી હોય તો રાતવાસો કરો છો. જો દશેરાને દિવસે 'ફાફડા અને જલેબી' ખાવા હોય તો અડધી રાતથી કતારમાં ઊભા રહેજો. પછી જો જો તમારો દશેરાનો દિવસ કેવો જાય છે.
મને ફાફડા અને જલેબી બહુ ભાવે. પણ લેવા કોને મોકલું. આ વર્ષે ખૂબ તાલાવેલી લાગી છે. કારણ કાનમાં કહું, 'કોને ખબર આવતે વર્ષે મારા નસિબમાં દશેરા જોવાનું ન પણ હોય' ? બોલો મને ખુશી થાય એવું કરશો ને ? તમને નારજગી નહી થાય તેનું વચન આપું છું .
તમારે સથે મજેદાર ચા પીવી હોય તો પડીકું લઈ સિધા મારે ત્યાં આવી જજો. આપણે સાથે મોજ માણિશું. જો તમારી મરજી હોય તો ૧૨ વાગે રાજભોગના દર્શન કરવા હવેલી લઈ જવાની લાંચ પણ આપું છું.
પ્રવિણા ,કડકીયા ,અમેરીકા

# ચીનમાં અર્થતંત્રને વેગ આપવા આકર્ષક પેકેજ છતાં અર્થવ્યવસ્થા ધીમી પડશે; ભારત મજબૂત

વિશ્વની મહાસત્તા એવા અમેરિકા અને ચીનમાં આર્થિક સંકટના વાદળો ઘેરાવા લાગ્યા છે ત્યારે તાજેતરમાં ચીનના ઉત્તેજક પગલાં રજૂ કરવામાં આવ્યા છે પરંતુ આ તેની આર્થિક વૃદ્ધિમાં મંદીને રોકવા માટે પૂરતા નથી. આ સમસ્યાઓ તેના પડોશી દેશોની અર્થવ્યવસ્થા પર પણ બોજ બની જશે. વર્લ્ડ બેંકેના નવા રિપોર્ટમાં આ સંભાવનાઓ વ્યક્ત કરી છે. વર્લ્ડ બેંકના જણાવ્યા અનુસાર આગામી વર્ષે ચીનનો આર્થિક વિકાસ દર ઘટીને ૪.૩% થઈ જશે. આ ૨૦૨૪ના ૪.૮% અનુમાન કરતાં ઓછું છે. દરમિયાન, પૂર્વ એશિયા અને પેસિફિક ક્ષેત્રમાં આર્થિક વૃદ્ધિ આ વર્ષે ૪.૮% થી ઘટીને ૨૦૨૫ માં ૪.૪% થઈ શકે છે. ચીનની ધીમી વૃદ્ધિથી પૂર્વ એશિયાઈ દેશોની વૃદ્ધિ પણ ધીમી પડશે, જેમને આયાત માટે ચીનની માંગમાં વધારો થવાથી ફાયદો થયો હતો. ચીનની વૃદ્ધિમાં ૧%નો ઘટાડો પડોશી વિકાસશીલ દેશોના જીડીપી વૃદ્ધિમાં ૦.૨૧% ઘટાડો કરી શકે છે.

આગામી દાયકામાં ભારતની જીડીપી ૨૪ દેશોમાં સૌથી ઝડપી હશે આગામી દાયકામાં વિશ્વના ૨૪ મોટા દેશોમાં ભારતની જીડીપી વૃદ્ધિ સૌથી ઝડપી હશે. રે ડાલિયોના ધ ગ્રેટ પાવર્સ ઈન્ડેક્સ ૨૦૨૪ મુજબ જે વિવિધ દેશોના આર્થિક સ્વાસ્થ્યને તપાસે છે, ભારત ૬.30% ની સરેરાશ જીડીપી ગ્રોથ સાથે ટોચના સ્થાને રહેશે. તે જ સમયે ચીન ૪%ની સરેરાશ જીડીપી વૃદ્ધિ સાથે તુર્કી સાથે સંયુક્ત રીતે ચોથા ક્રમે આવશે. આ યાદીમાં ઈન્ડોનેશિયાને ચીન અને સાઉદી અરેબિયા બીજા સ્થાને રાખવામાં આવ્યું છે. આનો અર્થ એ છે કે ચીનની અર્થવ્યવસ્થા ઈન્ડોનેશિયા અને સાઉદી અરેબિયા કરતાં પણ ખરાબ પ્રદર્શન કરી શકે છે. સિંગાપોર છઠ્ઠા, મેક્સિકો સાતમા અને ઓસ્ટ્રેલિયા આઠમા ક્રમે છે.



ચીનના પ્રોત્સાહક પગલાં હજુ સ્પષ્ટ નથી વર્લ્ડ બેંકે ચેતવણી આપી કે ચીનના ઉત્તેજક પગલાં અસ્પષ્ટ છે. આવી સ્થિતિમાં આર્થિક વૃદ્ધિ પર તેમની અસરની ગણતરી કરવી મુશ્કેલ છે. બેઈજિંગમાં ચીની અધિકારીઓએ પગલાંની જાહેરાત કર્યા પછી તરત જ વિશ્વ બેંકનો અહેવાલ આવ્યો છે. ચીનની અર્થવ્યવસ્થાને સંઘર્ષ કરી રહેલા રિયલ એસ્ટેટ સેક્ટર અને નબળી ગ્રાહક માંગમાંથી બચાવવાનો દાવો કર્યો.

વર્લ્ડ બેંકનો રિપોર્ટ ભારત માટે આશાસ્પદ તાજેતરના પગલાંથી ચીનના બજારો ઉછળ્યા છે. વિદેશી રોકાણકારો ભારતીય શેરમાંથી પૈસા કાઢીને ચીનમાં રોકાણ કરી રહ્યા છે. આ મહિને બુધવાર સુધી વિદેશી રોકાણકારે ભારતીય શેરમાંથી ૫૦૨૯૫ કરોડ પાછા ખેંચી છે. બજારના જાણકારો માને છે કે વર્લ્ડ બેંકનો અહેવાલ રાહત આપનારો છે. તેનાથી વિદેશી રોકાણકારો ભારતમાંથી નાણાં ઉપાડવાની ગતિ ધીમી પડી શકે છે.

ભલે! છૂટી લટોના દોરા ઉડી આંખે વળગતાં,
તો તેને બાંધશે નહીં,

હોય ભલે ઉજળી માટી છતાં કાળો કાજળ કરશે આંખે.
આવી બેઠી જવાની છાતીએ તો'ય

હિંમત કરશે બધે જ જવાની.
તું યુવતી છે તો શું થયું..?

તે પુરુષ સમોવડી બની જવાની.
લડશે ક્યારેક ખુદથી ને

કોઈક દી અન્યાય સાથે.
અંતે તે જ જીતી જવાની.

ભાવેશ પરમાર

..............................

"ઓ જિંદગી"
તવ સંગે થઈ ગયો છે હળવે હળવે હેત,
તોય તું કેમ રહી ગઈ મુજથી છેટી વ્હેત .

જેમ જેમ જીવું તેમ તેમ લખું છું એ લેખ,
મુઠ્ઠી લાખની મનોમન થાયતો પણ સંકેત.

હવાના ખભા પરથી બોલ્યું એક તણખલું,
જરા તું પણ દૂર રહેજો દોડ્યો ઘોડો શ્વેત.

ઝાંઝવાં ને જોઈ રાખ્યુંતું મન મારું સ્થિર,
ઝીણી ઝીણી રેતમા કેમ કરવી રહી ખેત.

ઓગળી ગઈ આ જિંદગી તને કરતા હેત,
ઓ જિંદગી હવે કેવી રીતે થાય અભિપ્રેત.

'કમલ' જીવન માં શબ્દો એના એજ રહેશે,
કરશે સૌ કોઈ અર્થ અને જુદા જુદા સંકેત.

કમલેશ.વી. પરીખ (બોડેલી- વડોદરા)

..................................................

## ખમીરવંતુ કાળજું

કોઈ તારી સાથે ને સંગાથે હોય કે ન હોય,
સત્યની લડાઈમાં તું કાળજું ચોખ્ખું રાખ.

કાંઈ લેવા-દેવાની વાત જ્યારે હોય,
ત્યારે તું તારા જીવને મોટું રાખ.

જ્યારે કોઈને માફ કરવાની વાત હોય,
ત્યારે તું તારા દિલને મોટું રાખ,

જીવન સંઘર્ષમાં ભલે ને તું એકલો-અટુલો હોય,
પરંતુ ત્યારે તું છાતી છપ્પનની રાખ.

જીવનનાં ઘનઘોર જંગલમાં ભલે ને તું ભૂલો પડ્યો હોય,
પરંતુ ત્યારે તું એક સાવજ જેવું કાળજું રાખ.

નફરતોનાં વાદળો ભલે ને તારી ચારે તરફ ઘેરાયેલા હોય,
તારા દિયમાં તું સૌનાં માટે પ્રેમનાં અમી છાંટણા રાખ.

સૈયદ મહંમદઅકીબ એમ દહીઅપવાલા (ખેડા )

કંઇક તમે લખો અને કંઇક અમે લખીએ સાથે મળી આપણે એવી એક વ્યથા લખીએ. આંખોના ઈશારાઅને અંગો-ઉપાંગો ના હાવભાવની ભાષાની એક એવી સંવેદના લખીએ. ક્યારેક મળતા ને ક્યારેક માત્રયાદ કરતા વ્યાકુળ એવા □દયોની એવી એક વ્યથા લખીએ. આપણાં દરેક નાનામોટા એવા પ્રસંગો થકીસરસ એવી યાદગાર એવી એક નવલકથા લખીએ. કંઇક તમે લખો ને કંઇક અમે લખીએ ભેગા મળીઆપણે આપણી એવી એક વ્યથા લખીએ.

કેવલ કિનખાબવાલા (ખેડા )

..........................................

## ગઝલ

આખરી વાર, વાત કરવી છે,
પણ લગાતાર, વાત કરવી છે.

જે વલોપાત આ હૃદયમાં છે,
એ વિષયવાર, વાત કરવી છે.

કંઈ વધારે તને નથી કહેવું,
માત્ર બે ચાર, વાત કરવી છે.

મૌન રહેવું, પડયું છે બહુ ભારે,
બસ હવે ચાર, વાત કરવી છે.

વાંચીલે તું ભલે ગઝલ આખી,
એજ છે સાર, વાત કરવી છે.

- આર બી રાઠોડ.

પપપપપપપ..

તમે, મારા શ્વાસ માં .તમે પ્રકૃતિ નાં સૌંદર્ય માં

તમે મારી આંખો માં તમે મારા વિચારો માં

તમે મારા શબ્દો માં તમે મારી હરેક ઈચ્છા માં...

જીવું છું આ અફર આશા માં તમારું સ્થાન મારા શ્વાસ માં હોય....!

તમારો, શ્વાસ મારો શ્વાસ એક હોય...!!

તમે જો, મારા શ્વાસ માં નહી હું.?.પણ,આ જગત માં નહી.

તમેજ સહચરી મારા,જીવન માં..!બીજું કોઈ નથી મારી ચાહત માં....!!

?. ★★★★★

નરેશ ચંદુલાલ દાતણિયા. "નરેશ પ્રેમી " અમદાવાદ

પપપપપપપપપ.

## નથી હોતા..!!

સંઘર્ષોને કોઈ સીમાડા નથી હોતા;
મજધારે નાવને કોઈ કિનારા નથી હોતા..!!

મજધારે હોય છે ઊછળતાં મોજાં;
હર મોજાં નૈયાને ડૂબાડનાર નથી હોતા..!!

સફળતાને કોઈ રાહબર નથી હોતા;
મજધારે નાવિકને કોઈ સહારા નથી હોતા..!!

સમંદરના તળિયે હોય છે અમોલ મોતી;
હર મરજીવા મોતીને ગોતી લાવનાર નથી હોતા..!!

ક્ષિતિજની પેલે પાર હોય છે મંજિલ;
હર માનવી મંજિલ પર પહોંચનાર નથી હોતા..!!

અલ્કેશસિંહ ચાવડા ' એકાંશની કલમે'
(કોડીનાર - સોમનાથ )

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**: NOG SS No. 347**
વિષયઃ- દશેરા, રાવણદહન, શસ્ત્રપૂજા
શીર્ષકઃ- રાવણદહન
શબ્દોઃ- ૬૧ પ્રકારઃ- પદ્ય

કરી દહન રાવણના પૂતળાનું, આત્મસંતોષ માને માનવી!
ભૂલી જાય છે કરવાનું, દહન પોતાનાં અભિમાનનું!
દેખાય છે માનવીને હરણ થયું સીતાનું,
નથી દેખાતું એને હરણ સ્ત્રીઓનાં સપનાંઓનું!
ભર્યો પ્રેમ રાવણમાં ભારોભાર બહેન પ્રત્યેનો,
ને માનવી જોતો દીકરી સમાનને પણ કુદ્રષ્ટિથી!
કરે શસ્ત્ર પૂજા માનવી, ને લાવે નવું વાહન ઘરમાં.
છતાંય ભૂલે મર્યાદા માનવતાની કરીને અકસ્માતો ભયંકર!
કરીએ દહન કુવિચારોનું, રાવણદહનની સાથે સાથે!

સ્નેહલ જાની..સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 224**
વિષય :-"દશેરા,રાવણ દહન, શસ્ત્ર પૂજા''
શીર્ષક :- રાવણ ભલા બારણે
પ્રકાર :-પદ્ય - શબ્દ :-૧૦૩

કેટલા બધા ધિક્કારી દીધા લંકાપતિને આપણે,
પણ ઝાંખી જોજો જરા પોતાના અંતરના જ દર્પણે.

રાજા રાવણ મહાવિદ્વાન અને અતિજ્ઞાની હતા,
અહંકાર એમને નડ્યો, બાકાત ક્યાં આપણે?

દશાનન રોજેરોજ કરતા શિવજીની આરાધના,
સ્ત્રી સન્માન શીખવા મળ્યું એમને આ જ કારણે.

અપહરણ છતાં માતા સીતાની આબરૂ સલામત,
આજના દુઃશાસનો કરતાં રાવણ ભલા બારણે.

બાદ કરી દો અહંકારનો નશો રાજ રાવણમાંથી,
નખશિખ સજ્જન પુરુષ દેખાશે લંકાના આંગણે.

માંગુ ઈશ્વર પાસે, રાવણ બનાવજે આવતા જન્મે;
સૃષ્ટિ પરની નારી રક્ષા હું કરીશ સુદર્શન પાંપણે.

આલેખન :- પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ '

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N¨OG SS/0044**
વિષય :-દશેરા, રાવણ દહન, શસ્ત્ર પૂજા
પ્રકાર :- ગદ્ય
શીર્ષક ;- દાનવ. શબ્દોઃ-૨૦૮

"હું દાનવ.આપની અંદર જ છું.આપનો જ સાથીદાર.આંચકો લાગ્યો? પણ એ સત્ય જ છે.જેમ તમે તમારી માનાં ઉદરમાં રહ્યા તેમ હું પણ તમારાં શરીરમાં છું અને જ્યાં સુધી તમે જીવીત છો ત્યાં સુધી રહીશ.તમારું મૃત્યુ થતાં જ મારો અંત આવશે.

તમારામાં મારું આગમન તમારો જન્મ થયો ત્યારથી નથી થયું બાળક તો પ્રભુનો અવતાર એટલે.તમે પુખ્તવયના થયાં લુચ્ચાઈ, ચાલાકી,અધર્મ વગેરે અનિષ્ટ વિશે જાણતાં થયાં ત્યારથી હું તમારામાં પ્રવેશ્યો છું.

હું તમારા પર હાવી થવા પ્રયત્ન કરું છું પણ અત્યારે ફાવતો નથી,કારણ ખબર છે? જ્યાં સુધી તમે સત્કર્મો કરો, નીતિ, પ્રમાણિકતા થી ચાલો ત્યાં સુધી મારાં લાખ પ્રયત્ન પણ નકામાં.

હું રાહ જ જોઉં છું કે તમે જરાક આડું અવળું કરો અને એમાં ફાવટ આવતાં તમે સત્કર્મો, પ્રમાણિકતા,દયા જેવા ગુણોથી અળગા થાવ એટલે હું તમારી ઉપર હાવી થાઉં અને તમારા દિલોદિમાગ પર કબજો જમાવું. મારું આધિપત્ય સ્થાપાતા જ તમે અધઃપતનનાં માર્ગે.તમને ખલાસ કરીને જ રહું અને એટલે જ તો મારું મોં આવું કાળું છે.કોઈ મારો ચહેરો ઓળખી જ ન શકે.આમ હું મારી ઓળખ છુપાવીને તમને ખરાબ માર્ગે વાળી ને જ રહું.જ્યાં સુધી તમે સત્કર્મો અને પૂણ્યનાં રસ્તે છો ત્યાં સુધી જ પ્રભુ તમારી સાથે તમારામાં છે.

હવે વિચારો કે તમારે કેવી જિંદગી જીવવી છે !"
વિભૂતિ દેસાઈ ઘાસવાલા, બિલીમોરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No - 169**
વિષય - દશેરા, રાવણ દહન, શસ્ત્ર પૂજા
શીર્ષક - ઉત્સવ અનેરો
શબ્દ સંખ્યા -૮૨

આવ્યો આજ આંગણે ઉત્સવ અનેરો,
ચાલો સહુ સાથે મળી ઉજવીએ દશેરો.

આનંદે હેતે સૌ સાથે કરીએ રાવણ દહન,
જીવન એવું જીવીએ કે થાય કોઈને જલન.

અસ્ત્ર શસ્ત્ર ને નારીશક્તિની કરીએ પૂજા,
સદાકાળ મળે સૌને જીવનમાં બહુ ઊર્જા.

કામ, ક્રોધ લોભ ને અહંકારને બાળીએ,
દહન નકારાત્મકતાનું સવેળાએ કરીએ.

સદગુણો કેરાં સિંચન કરી, વાવેતર કરીએ,
દુર્ગુણનું દહન કરી, દશેરો હરખે ઉજવીએ.

લતાબેન ચૌહાણ."સોનાવેલ".. ગોધરા★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.0059**
શબ્દ દશેરા રાવણ દહન
શસ્ત્ર પૂજા
પ્રકાર ગદ્ય્ય લેખ
શીર્ષક,શસ્ત્ર બચાવે જાન.
શબ્દો ૧૯૦.
લેખક જયકાન્ત ઘેલાણી
★પ્યારે★

માનવી જયારથી પોતાના જાન સાથે,પરિવારના સભ્યોની રક્ષા માટે વિચારવા લાગ્યો ત્યારથી પ્યારે શસ્ત્ર ની શોધ થઈ ગણાય !
શાસ્ત્રો મા ઘર્મો ના નિતી નિયમો અને ગુઢ રહસ્યો સંગ્રાયાછે,અને તેને અન્ય ઘર્મના લોકો ક્ષતીગ્રસત કરવા આવે ત્યારે
ઘર્મનુ રક્ષણ કરવા શસ્ત્રો
ઉઠાવવામા જરા પણ ઢીલ ન કરાય, તેવીજ રીતે રાષ્ટ્ર ની સીમા ઉપર કોંઈ ઉચી આખ ઉઠાવે તો ત્યારે પણ તમામ નાગરિકોંએ શહિદી વહોરતા પણ અચકાય નહી તેજ સાચી દેશભક્તિ.
આઘુનિક સમયમા પણ બળિયાના બે ભાગ ની જ
નિતી ચાલેછે. જે ઘણીજ
ગંભીર જ છે. આજના અણૂ શસ્ત્રો ઘણાજ ખતરનાક અને વિનાસકારીછે.
આજના કેમીકલ્સ હથીયારો તેમજ ચીન જેવા ખતરનાક દેશના
જીવાણીક હથિયારો નો
અનુભવ તો સમસ્ત વિશ્ર્વને કોરોના સમયમા ચીન દ્વારા ફેલાવેલ જીવાણુંઓથી થયોજ છે ને !
કદાચ વિશ્ર્વ યુઘ્ઘ કરતા પણ ઘણી મોટી જાનહાની આપણે અનુભવીછે.
શાસ્ત્ર અને સાર્વભોમત્વ ઉપરના ના ખતરાના સમયે શહિદી વહોરતા પણ જે ન રોકાઈ તેજ સાચો ભારતવાસી.
જયહિન્દ???? વંદેમાતરમ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SSO No: 229**
પ્રકારઃ પદ્ય શબ્દો : ૩૫૦
વિષય : દશેરા વિજયદશમી રાવણ દહન
શીર્ષકઃ દશેરાના તહેવારે વિજયી વહેવાર
લેખકઃ "પ્રપાશી" પરેશ મ. પાઠક

દશેરાના તહેવારે વિજયી વ્યવહાર
------------------------

અનાદિકાળથી ધર્મ અને અધર્મને ખ્યાલમાં રાખીને તથા માનવીના મનમાં કાર્યો કરવા માટેના અસરકારક વિવિધ કારણોસર આચાર વિચારના પ્રશ્નો સતત ચાલતા રહે છે. સમુદ્રમંથનની પ્રવૃત્તિ પોતે જ એ વાતની સાક્ષી પૂરે છે કે, વિશ્વમાં દેવો અને દાનવોનો સંઘર્ષ સદાય ચાલ્યા જ કરેલો છે. રાજારામ અને રાવણ,કૃષ્ણ અને કંસ, તથા પાવાગઢના પતઈરાજા અને મહાકાળી માતાના ઐતિહાસીક જીવનકવાનોમાં સદાય સતનો વિજય થાય છે અને અસતનો પરાજય થાય છે.

વિશ્વમાં તમામ સજીવોમાં માનવીએ પ્રભુને અદભુત વિવેકબુદ્ધિ આપેલી છે.જેનો સદુપયોગ કરીને મનની અંદરની વ્યક્તિગત,આસપાસની દુન્યવી અને નવચેતનયુકત આધ્યાત્મક શક્તિને જાગૃત રાખવી જોઈએ.આ માટે માનવીએ પોતાની સદપ્રવૃત્તિઓ માટેની શક્તિ,ભક્તિ અને દિવ્ય દ્રષ્ટિની જાગૃત કરતા રહેવું પડે છે.

સંસારના સર્જનહારે માનવીના મનમાં સારીનરસી અનેક લાગણીઓ અરમાનો અને ભાવાત્મક પ્રવૃત્તિઓનાં બીજાંકુર મુકેલાં છે. કાળક્રમે જેવી પરિસ્થિતિ,વાતાવરણ અને સંજોગો ઊભા થાય છે તેવી જ પ્રવૃત્તિઓ કરવા માનવીને પ્રેરાય છે. જેમ વિજય અને પરાજયની સાથે વિકાસ અને વિનાશની ક્ષિતિજો વિસ્તરેલી છે,તેમ દૈવી અને દાનવીય પ્રવૃત્તિઓનો સંઘર્ષસંગ્રામ પણ સતત ચાલતો જ રહેલો છે.

અલબત્ત આ માટે હંમેશા કટિબંધ રહેવું તે નાનીસુની બાબત નથી.તેમછતાં વ્યક્તિ જો સકારાત્મકતા,સર્જનાત્મકતા અને સહકારયુક્તજીવન જીવે તે જરૂરી છે. તેનાથી તે સદાય પોતાના વ્યક્તિગત,સામાજિક અને દુન્યવી જીવનમાં જીવવાની દ્રષ્ટિ સાથે વિકાસની પાંખે ઉડવાની માહિતી રાખતા સમગ્ર સૃષ્ટિને હકારાત્મક બનાવી શકે છે.

અત્યંત લોકપ્રિય નવરાત્રી જેવા પવિત્ર, મંગલમય,રંગીન,ભક્તિમય અને ભાતિગળ સંસ્કૃતિનું સંવર્ધન સાચવતા તહેવાર પછી દશેરાનું પર્વ સાર્વત્રિક રીતે આનંદપૂર્વક ઉજવાય છે.તેમાં અધર્મનું અહંકારી આચરણ કરનાર રાવણના પુતળાનું દહન કરવામાં આવે છે. આમ,ધર્મ અને અધર્મની અંદરની પસંદગી કરીને પોતાની કાર્ય પ્રવૃત્તિ અંગેની પ્રેરણા મેળવી સત્કાર્યો કરવાની શીખ રામ અને રાવણના
આભાર - નિહારીકા રવિયા જીવનકવનમાંથી મળે છે.

ક્યારેક એવું પણ જીવનમાં બને છે કે,સમયસંજોગો, લોભલાલચ અને અસંસ્કારી વાતાવરણ માનવીને દેવમાંથી દાનવ પણ બનાવી શકે છે. વળી, બિનધાર્મિક,દેશદ્રોહી અને વિનાશાત્મકકાર્ય કરવાની કુમતિ સુઝાડી આસુરી પ્રવૃત્તિ તરફ દોરી જાય ત્યારે સ્વયંસ્ફુરણા,આત્મજ્ઞાન અને સતવાદી પ્રવૃત્તિ નો આશ્રય લેતા વિનાશથી બચી શકાય છે.

હિન્દુ ધર્મમાં રામના જીવનની ગાથા રામાયણના યાદગાર બનાવોની યાદો જનજીવનમાં સદાય તાજી રાખવા માટે સદીઓથી દશેરાના પર્વે સાંજે રાવણના પૂતળાનું દહન કરીને હિંદુ સંસ્કૃતિની સનતન ભાવનાની જ્યોતને સદાય જલતી, ઉન્નત અને જીવંત રાખવામાં આવે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG* *SS* *No.* *0185.***
વિષયઃ- દશેરા રાવણ દહન શસ્ત્ર પૂજા
શીર્ષકઃ- રામનો વિજયોત્સવ
પ્રકારઃ- પદ્ય શબ્દ સંખ્યાઃ- ૮૯

સત્યનો અસત્ય પર વિજય એ જ સંદેશ છે દશેરાએ,
સંકટો અઢળક આવશે સત્ય પર, વિજય છે દશેરાએ,

અસત્યથી ગભરાઈશ નહીં, સત્ય પંથ પકડી રાખજો,
સત્ય શસ્ત્રથી રણમેદાને રહેજે, પરમ પકડી રાખજે,

રામના સિદ્ધાંતે જગમાં રહેજે, વિજય તારો નીજ છે,
વેર ઝેરની માયા છોડી, જગમાં વિજયોત્સવ નીજ છે,

પરસ્ત્રીને માનજે બહેન, નીતિમત્તા હરરોજ રાખજે,
કુંભકર્ણની નિંદ્રા છોડી, જ્ઞાન વૈરાગ્ય મનમાં રાખજે,


છળ કપટ છોડી દુનિયામાં, નીતિઓ ચોખ્ખી રાખજે,
અહમને તોડવા હનુમંત આવશે, લંકા તારી બાળશે,

દશેરા છે સાંસ્કૃતિક તહેવાર આપણો, તું મનાવજે,

'ઝરૂખો' માને સત્ય તત્વને માને, રામને યાદ રાખજે.

-દિલીપ સી. સોની 'ઝરૂખો'

# બોપલ- ઘુમા સહિત નવા ભળેલા વિસ્તારોમાં ૨૦૦૦ સીસીટીવી કેમેરાની મદદથી સુરક્ષા અને સુવિધાઓ પર નજર રખાશે



અમદાવાદ શહેર દિન-પ્રતિદિન વધી રહ્યું છે. નવા વિસ્તારોના ઉમેરા સાથે ગુનાખોરીનું પ્રમાણ પણ વધી રહ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવા વિસ્તારોમાં નાગરિકોની સુરક્ષા અને કોર્પોરેશનની વિવિધ સેવાઓ પર નજર રાખવા માટે મુખ્ય રોડ અને જંકશન પર લગાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. તબક્કાવાર સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. સ્માર્ટ સિટી કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમ સાથે આ તમામ કેમેરાનું મોનિટરિંગ કરવામાં આવશે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરનો દિવસે દિવસે વિકાસ થઈ રહ્યો છે અને નવા વિસ્તારો ભણી રહ્યા છે ત્યારે આવા વિસ્તારોમાં નવા મુખ્ય ટીપી રોડ જે ૩૦ મીટર અને ૨૪ મીટરથી મોટા હોય તેમજ મુખ્ય જંકશન પર સીસીટીવી કેમેરા લગાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. કોર્પોરેશન દ્વારા તબક્કાવાર ૨૦૦૦ જેટલા સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. સ્માર્ટ સિટી કંટ્રોલરૂમ ખાતેથી તમામ કેમેરાનું મોનિટિંગ થાય છે તે આ સ્થળ પરથી જ મોનિટરિંગ થશે. નવા વિસ્તારોમાં સીસીટીવી કેમેરા ન હોવાથી ત્યાં લગાવવાનું આયોજન કરાયું છે.

? મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં બોપલ, ઘુમા, કઠવાડા, નાના ચિલોડા સહિતના વિસ્તારો ત્રણ વર્ષ પહેલાં સમાવેશ કરાયો છે ત્યારે હવે અહી નવા સીસીટીવી કેમેરા લગાવવામાં આવનાર છે. કેટલાક વિસ્તારોમાં સીસીટીવી કેમેરા લગાવવાની શરૂઆત થઈ છે. જોકે, હજી કેટલાક વિસ્તારોમાં સીસીટીવી કેમેરા લગાવેલા નથી. સીસીટીવી કેમેરાના કારણે થતી ગુનાખોરીને ઉકેલવામાં મદદરૂપ મળશે. પ્રિન્સિપલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓ પર નજર રાખવામાં આવશે. જો ક્યાંય ગટર ઉભરાયેલી હોય અથવા તો પાણી લીકેજ હોય તેમજ રોડ પર સફાઈ ન થઈ હોય અને રખડતા ઢોર જોવા મળતા હોય તો આ સીસીટીવી કેમેરાની મદદથી જે-તે વોર્ડના અધિકારીનું ધ્યાન દોરી અને કામગીરી કરવા માટેની સૂચના પણ આપવામાં આવશે.

# અમદાવાદ ટ્રાફિક પોલીસ પર લગામ! ફરજિયાત કેમેરો પહેરવો પડશે, સ્પેશિયલ મોનિટરિંગ સ્કવોડ રાખશે નજર

અમદાવાદમાં દિનપ્રતિદિન ટ્રાફિકની સમસ્યામાં વધારો થઈ રહ્યો છે. જેને લઈને હાઈકોર્ટે પણ ઘણીવાર ટ્રાફિક પોલીસને ફટકાર લગાવી છે. તેમ છતાં સમસ્યાનો કોઈ ઉકેલ દેખાતો નથી. ઘણીવાર તો એવું પણ જોવા મળે છે કે, ટીઆરબી જવાનો ચાર રસ્તા પર સિગ્નલ પર ઉભા તો હોય છે, પણ પોતાના ફોનમાં જ પડ્યા હોય છે. જેને લઈને હવે ટ્રાફિક પોલીસે કડક પગલાં લીધાં છે. ટીઆરબી જવાનો અને પોલીસ ટ્રાફિકના નિયમનું પાલન કરાવે છે કે નહીં તેની નજર રાખવા માટે ટ્રાફિક જેસીપી એન.એન.ચૌધરીએ સ્પેશિયલ મોનિટરિંગ સ્ક્વોડની રચના કરી છે.




આ ટીમ દ્વારા જે પણ ટ્રાફિક પોલીસ કે ટીઆરબી જવાન ફરજ પર હશે તેમને ફરજિયાત બોડીવોર્ન કેમેરા પહેરાવશે. જેનું મોનિટરિંગ કંટ્રોલ રૂમમાં હાજર મોનિટરિંગ સ્ક્વોડ દ્વારા જ કરવામાં આવશે. જો કોઈ ટ્રાફિક પોલીસ ફરજ દરમિયાન કોઈપણ પ્રકારની ગફલત કરતા પકડાશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# ભારત સાથે વાટાઘાટો કરવા તલપાપડ થયું પાકિસ્તાન, શાહબાઝ શરીફે આપ્યા સંકેત, શું કરશે જયશંકર?



પાકિસ્તાનની શાહબાજ શરીફ સરકાર ભારત સાથે સંબંધો સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે. જો કે, ભારત તરફથી તેને કોઈ પ્રતિસાદ મળી રહ્યો નથી. પાકિસ્તાનને સ્પષ્ટ સંકેત આપ્યા છે કે, એસસીઓ સંમેલન દરમિયાન તે ભારત સાથે દ્વિપક્ષીય બેઠક કરવા તૈયાર છે. પાકિસ્તાની વિદેશ કાર્યાલયના નિવેદન પરથી જાણવા મળ્યું છે કે, વડાપ્રધાન શાહબાઝ શરીફ ભારતના વિદેશ મંત્રી ડો. એસ જયશંકરને મળી શકે છે. જયશંકર ભારતીય પ્રતિનિધિમંડળ સાથે સંમેલનમાં સામેલ થશે. જો કે, તેમણે સ્પષ્ટતા કરી છે કે, તે પાકિસ્તાન સાથે કોઈ દ્વિપક્ષીય બેઠક કરવાના નથી.

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે શનિવારે એસસીઓની બેઠક અંગે નિવેદન જારી કર્યું હતું કે, વડાપ્રધાન બેઠક દરમિયાન પ્રતિનિધિમંડળના પ્રમુખો સાથે મહત્ત્વપૂર્ણ દ્વિપક્ષીય બેઠકો પણ કરશે. શાંઘાઈ સહયોગ સંગઠનના સભ્ય દેશોના શાસન પ્રમુખોની પરિષદની ૨૩મી બેઠકમાં ભાગ લેવા સાત વડાપ્રધાન, એક ઉપરાષ્ટ્રપતિ અને એક વિદેશ મંત્રી આગામી સપ્તાહે ઈસ્લામાબાદ પહોંચશે.

આ પણ વાંચોઃ શું પાકિસ્તાન સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે ભારત? ઈસ્લામાબાદ જતાં પહેલા જયશંકરે આપ્યું મોટું નિવેદન

પાકિસ્તાન પ્રથમ વખત ૧૫થી ૧૬ ઓક્ટોબર સુધી શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકની યજમાની કરવા જઈ રહ્યું છે. સીએચજી એસસીઓ બીજી ટોચની સંસ્થા છે. આ સંમેલનમાં ચીન અને રશિયાના વડાપ્રધાન, બેલારૂસ, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન અને ઉજબેકિસ્તાન સહિતના દેશો સામેલ થશે.

એસસીઓ સંમેલનમાં ભારતના વિદેશ મંત્રી એસ.જયશંકર અને ઈરાનના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ પણ સામેલ થશે. જેમાં મોંગોલિયાના વડાપ્રધાન અને તુર્કમેનિસ્તાનના વિદેશ મંત્રી અતિથિ વિશેષ રહેશે. અફઘાનિસ્તાન સીએચજી બેઠકમાં ભાગ લેશે નહી, કારણ કે બેઇજિંગ સ્થિત જીર્ઝ સચિવાલયે કાબુલને હાજરી આપવા માટે આમંત્રણ મોકલ્યું નથી. પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે જણાવ્યું હતું કે બેઠક દરમિયાન વડાપ્રધાન પ્રતિનિધિમંડળના વડાઓ સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરશે. પરંતુ એ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે તેમાં ભારતીય વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથેની દ્વિપક્ષીય બેઠક પણ સામેલ છે કે નહીં. આ પહેલા ભારતના વિદેશ મંત્રી જયશંકરે આ મુલાકાત દરમિયાન પાકિસ્તાન સાથે કોઈપણ પ્રકારની વાતચીતની શક્યતાને નકારી કાઢી હતી.

નવી દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન જયશંકરે તેમની પાકિસ્તાન મુલાકાત વિશે કહ્યું હતું કે, 'હું ત્યાં ભારત-પાકિસ્તાન સંબંધો પર ચર્ચા કરવા નથી જઈ રહ્યો. હું ત્યાં જીર્ઝનો સારો સભ્ય બનવા જઈ રહ્યો છું.

# સહાય ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ખાતે આયોજિત રાવણદહન કાર્યક્રમમાં માનવ મહેરામણ ઉમટ્યું










ધારાસભ્ય રીટાબેન પટેલ પ્રેરિત સહાય ફાઉન્ડેશન દ્વારા કેસરિયા ગરબા મહોત્સવના પાર્કિંગ સ્થળ નૈંઞ ગ્રાઉન્ડ, સેકટર ૧૧ ખાતે અસત્ય પર સત્યના વિજયના દિવસ વિજયાદશમીએ આતશબાજી સાથે રાવણદહનના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ડ્રોન સાથે આકાશમાં ઉડી રહેલ પ્રતિકાત્મક હનુમાન બાળકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતાં.

પાટનગરમાં ૨૦૦૪ બાદ ગત વર્ષથી સહાય ફાઉન્ડેશન દ્વાર ભવ્ય આતશબાજી સાથે રાવણદહનનું આયોજન કરવાની શરૂઆત કરાઈ છે જેને જનતાનો પ્રંચડ પ્રતિસાદ સાંપડયો છે. રાવણદહનને લઈને નાગરિકોમાં ભારે જનતામાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી અને આતશબાજી અને રાવણદહન નિહાળવા માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. મોટા ભાગના પરિવારો

**ભવ્ય આતશબાજી સાથે અસત્ય પર સત્યના વિજયના દિવસ દશેરાની ઉજવણી કરાઇ**

----------

**ડ્રોન સાથે આકાશમાં ઉડી રહેલ પ્રતિકાત્મક હનુમાન બાળકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા**

----------

**૫૧ ફૂટ ઊંચા રાવણના દહનની શરૂઆત સાથે જ સમગ્ર વાતાવરણ જય શ્રી રામના નારાથી ગુંજી ઉઠ્યું હતું.**

----------

**રાવણદહનમાં ઉપસ્થિત વિશાળ જનમેદનીને વિજયાદશમીની શુભકામનાઓ પાઠવતા ધારાસભ્ય રીટાબેન પટેલ**

----------

બાળકોને સાથે લઈને રામકથા મેદાન પંહોંચ્યા હતાં. બાળકોના ચહેરા પર આનંદ ઉલ્લાસનો ભાવ સ્પષ્ટપણે જોઈ શકાતો હતો. રાવણ દહનની શરૂઆત સાથે જ રામકથા મેદાન જય શ્રી રામના નારાથી ગુંજી ઉઠ્યું હતું.

ધારાસભ્ય રીટાબેન પટેલે રાવણદહનમાં ઉપસ્થિત વિશાળ જનમેદનીને વિજયાદશમીની શુભકામનાઓ પાઠવી હતી. આ તકે શહેર ભાજપ પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, પૂર્વ મેયર હિતેશ મકવાણા, સહાય ફાઉન્ડેશનના પ્રમુખશ્રી જીગરભાઈ પટેલ સહિત સહાય પરિવાર, કોર્પોરેટરશ્રીઓ તેમજ સામાજિક અને રાજકીય અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# આહવા માં બે કલાક માં ત્રણ ઈંચ વરસાદ ઝીંકાયો નવરાત્રી મંડપ સહિત પાક ને નુકસાન



આહવા-ડાંગ

ડાંગ જિલ્લામાં આજે વિજળી ના કડાકા અને ભારે પવન સાથે કરા સાથે બે કલાક માં ત્રણ ઈંચ વરસાદ ખાબકતા નવરાત્રી મંડપ સહિત ખેતી ના પાક ને વ્યાપક નુકસાની પહોંચતા ખેડૂતોમાં દોડધામ મચી ગઈ હતી ભારે પવન ના લીધે ખેતર ના ત્યાર પાક ને નુકસાની પહોંચી હતી જગ્યા જગ્યા એ બેનરો તોતિંગ વૃક્ષ ધરાશાય થયા હતા વીજળી પડતા વૃક્ષ ધરાશાય થયા હતા સાપુતારા સહિત પુર્વ પટી ગલકુંડ વિસ્તાર માં કલાકો સુધી ભારે વરસાદ પડ્યો હતો વીજ પુરવઠો પણ ખોરવાતા લોકો એ અંધારામાં રાત વિતાવવાનો વારો આવ્યો હતો ડાંગ જીલ્લા માં આજે સાંજે ૪.૦૦થી ૬.૦૦વાગ્યે સુધી બે કલાક માં ત્રણ ઈંચ ૭૨ મી.મી સાપુતારા માં ૨૪ મી.મી વઘઈ .માં.૨ મી.મી જ્યારે સુબીર કોરુ કટ રહ્યું હતું વીજ પુવઠો બંધ રહેતા વહીવટી મથક આહવા સહિત ગામડાઓ માં અંધાર પટ છવાઈ ગયો હતો ધોધ માર વરસાદ ના લીધે કલાકો માટે જીવન ઠપ થઈ ગયું હતું.

# બોટાદ જિલ્લા પંચાયત પ્રમુખશ્રીના અધ્યક્ષસ્થાને "વિકાસ પદયાત્રા"નું આયોજન કરાયું

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત અને દેશનું સુકાન સંભાળ્યું તેને ૨૩ વર્ષ પૂર્ણ થયા છે,



ત્યારે તેમના નેતૃત્વમાં દેશ અને વિશેષ કરીને ગુજરાતમાં થયેલા વિકાસને યાદ કરવાનો અને તેનું સ્મરણ કરવાનો અવસર 'વિકાસ સપ્તાહ' તરીકે રાજ્યમાં ઉજવાઈ રહ્યો છે. આ વિકાસ યાત્રામાં બોટાદ જિલ્લાવાસીઓ પણ ઉત્સાહ સાથે સહભાગી બની રહ્યા છે. જે અન્વયે બોટાદ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જેઠીબેન પરમારના અધ્યક્ષસ્થાને અને જિલ્લા કલેક્ટરશ્રી ડો. જીન્સી રોય તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અક્ષય બુડાનિયાની પ્રેરક ઉપસ્થિતિમાં બોટાદ ખાતે "વિકાસ પદયાત્રા"નું આયોજન કરાયું હતું. બોટાદના જૂના માર્કેટિંગ યાર્ડથી સરકારી હાઈસ્કૂલ સુધી આ પદયાત્રા યોજાઈ હતી. વિકાસ સપ્તાહ પદયાત્રાની શરૂઆત ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના 'રતન' એવા શ્રી રતન ટાટાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી બે મિનિટનું મૌન પાળીને તેમના સદગતના આત્માને શાંતિ મળે તે માટેની પ્રાર્થનાથી કરવામાં આવી હતી. વિકાસ પદયાત્રામાં જિલ્લાના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ, પોલીસ જવાનો અને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# વડોદરાના ઇતિહાસમાં સૌપ્રથમ વખત એક સાથે ૧૦૦ થી વધુ IVF ટેસ્ટ ટ્યુબ બાળકો નો મેળાવડો યોજાયો.

આજના સમાજમાં નિઃસંતાનપણાને એક શ્રાપ ગણવામાં આવે છે. ત્યારે આધુનિક ટેકનોલોજી મારફતે લોકોમાં ૈંફ્લ્ ટેસ્ટ ટ્યુબ બેબી વિશે જાગૃતિ આવે તે માટે ટેસ્ટ ટ્યુબ બેબીનો મેળાવડો વડોદરાના બાવીશી ફર્ટિલિટી ઇન્સ્ટિટ્યૂટ ખાતે યોજાયો હતો.આધુનિક યુગમાં લોકો વધુમાં વધુ ટેકનોલોજીનો ઉપયોગ કરે તેવા અનેક કિસ્સાઓ સામે આવ્યા છે જોકે નિઃસંતાનપણાને સમાજમાં લાંછનરૂપ અથવા તો નીચાપણું તરીકે જોવામાં આવે છે ત્યારે તો ક્યારેક બાળકો ન થવાના કારણે છૂટાછેડાના કિસ્સાઓ બને છે... તો લોકો અંધશ્રદ્ધાના માર્ગે પણ ચડતા હોય છે.

અધ્યતન ટેક્નોલોજી ના માધ્યમથી પુરુષ અથવા મહિલામાં જે ખામીઓ હોય તે ખામીઓ દૂર કરીને નિઃસંતાનપણું દૂર કરી શકાય છે.સંતાન ન થવાના કારણે દંપતિઓ આપઘાત પણ કરી લેતા હોય છે... અત્યારે ટેસ્ટ ટ્યુબ બેબી એક આશીર્વાદરૂપ ટેકનીક બની છે.

આ પ્રસંગે બોલતા ડોક્ટર હિમાંશુ બાવીશી એ જણાવ્યું કે યોગ્ય સારવાર યોગ્ય સમયે યોગ્ય માત્રામાં યોગ્ય જગ્યાએ કરવામાં આવે તો લગભગ સો ટકા સંતાન પ્રાપ્તિ શક્ય બને છે. બાવીશી ફર્ટિલિટી ઇન્સ્ટિટ્યૂટના ૨૮ વર્ષના ઇતિહાસમાં અમે વિજ્ઞાન અને વિશ્વાસ એટલે કે ટેકનોલોજી અને ટ્રસ્ટની મદદથી હજારો નીસંતાન યુગલોના જીવનમાં આ ખુશી આપવામાં નીમિત બની શક્યા છીએ એનો અમને ખૂબ આનંદ છે.

હાલ જે પ્રકારે મહિલાઓને ગર્ભાશયની તકલીફ, ગાદીની તકલીફ, બીજ ના બનવા તેમજ પુરુષોમાં જ્યારે કાઉન્ટ ઓછા હોવા, બીજની ખામી હોવાના કિસ્સાઓ ખૂબ ઝડપથી વધી રહ્યા છે ત્યારે ૈંફ્લ્ સારવાર પદ્ધતિથી જટીલમાં જટિલ સમસ્યાઓનું સમાધાન કરીને પણ વિજય મેળવી શકાય છે.

કેમ્પ, સેમીનાર વિગેરે જેવી જગ્યાઓમાં લોકોને માત્ર એક તરફી સાંભળવાનો જ મોકો મળે છે પરંતુ પોતાના જ જેવી સમસ્યાઓને સામનો કરીને સફળતા મેળવી ચૂકેલા યુગલોનો ખરો અનુભવ ખૂબ જ પારદર્શક અને પ્રેરણાદાય સાબિત થઈ શકે છે. માટે જ બાવીશી ફર્ટિલિટી ઇન્સ્ટિટ્યૂટના ઉપક્રમે વડોદરા તેમજ આસપાસના લોકોના લાભાર્થે ૧૦૦ થી વધારે ૈંફ્લ્ બેબી નો મેળાવડો યોજવામાં આવેલ છે. ટેસ્ટ ટ્યુબ બાળકોના માતા-પિતા પોતે સંતાન સાથે અહી પોતાના જાત અનુભવ જણાવેલ. સારવાર દરમિયાનના માનસિક ઉતાર ચઢાવ સફળતા અને નિષ્ફળતા વચ્ચેનો ડર અને છેલ્લે સફળતા એક એક યુગલની સંઘર્ષ અને સફળતાની ગાથા ખરેખર આંખમાં આંસુ લાવી દે તેવી પણ એટલી જ પ્રેરણાદાયક હતી.

આ પ્રસંગે બોલતા ડોક્ટર ફાલ્ગુની બાવીશીએ એ જણાવ્યું હતું કે ૈંફ્લ્ સારવાર પદ્ધતિ જન્મનાર બાળકોમાં વારસાગત રોગો આવવાની શક્યતાઓને પણ અટકાવી શકે છે અને રોગમુક્ત તંદુરસ્ત બાળકનો જન્મ થાય તેમ કરી શકે છે. ટેકનોલોજીના વિકાસની સાથે સાથે વધુને વધુ સફળતા અપાવતું ેંફ્લ્ આઈવીએફ હવે ઘણું એફોર્ડેબલ પણ થઈ ગયું છે. લોકોમાં પણ આઈવીએફની જાગૃતિ અને સ્વીકૃતિમાં નોંધપાત્ર સુધારો થયો છે.

કેટલાક યુગલોમાં પતિ અને પત્નીને એકબીજાનો ખૂબ જ સહકાર મળતો તો ક્યારેક એક પાત્ર બિલકુલ સહકારના એક પાત્ર એ જ ઝૂમવું પડતું કેટલાક પરિવારો ખૂબ સપોર્ટ કરતા જ્યારે કેટલાક પરિવારો તરફથી સંપૂર્ણપણે સપોર્ટ નતો મળતો કોઈની આર્થિક મુશ્કેલી કોઈની શારીરિક તકલીફો કોઈની માનસિક મુસીબતો કોઈના સામાજિક પ્રશ્નો આ બધી વાતો ખરેખર હૃદય સ્પર્શી હતી.

# પાટણ જિલ્લા ના કાંસા હાઈસ્કૂલમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી



શ્રી એસપી ઠાકોર સર્વોદય વિદ્યાલય, કાંસા તાલુકો સરસ્વતી ખાતે ધોરણ ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ માટે નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સ્કૂલના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ પરંપરાગત વેશભૂષા સાથે ગરબા રમી માતાજીની આરાધના? કરી.

કાર્યક્રમની શરૂઆત માતાજીની આરતીથી થઈ શાળાના સંચાલક શ્રી કેશાજી એસ ઠાકોર આચાર્યશ્રી,શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા આરતી કરવામાં આવી તેમજ કાર્યક્રમના અંતે શ્રેષ્ઠ વેશભૂષા ધારણ કરનાર ત્રણ નંબરો તેમજ શ્રેષ્ઠ ખેલૈયા તરીકે ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનોની પસંદગી કરી ઇનામ આપી શાળા પરિવાર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આમ સમગ્ર કાર્યક્રમ ઉત્સાહ પૂર્ણ રીતે ઉજવવામા આવ્યો હતો.




## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમીરગઢ દશેરા દિવસે રેલી કાઢી

આજરોજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા રવિવારના દશેરા દિવસે અમીરગઢ બજારમાં સંઘ દ્વારા રેલી નું આયોજન કરવામાં આવ્યું મોટી સંખ્યામાં અમીરગઢ તાલુકાના વિસ્તારના સ્વય સેવકો એકઠા થયા અમીરગઢ બજારમાંથી મામલતદાર કચેરી સુધી રેલી કાઢી મામલતદાર કચેરી સમાપ્ત કરવામાં આવી

# ગાંધીનગર ગ-૨ સર્કલ નજીક અજાણ્યા વાહનના ચાલકે ટક્કર મારતા ઈજાગ્રસ્ત થયો હતો, સારવાર દરમિયાન મોત

ગાંધીનગરના ગ - ૨ સર્કલ નજીક ચારેક દિવસ અગાઉ અજાણ્યો વાહનચાલક એક્ટિવાને ટક્કર મારી ફરાર થઇ ગયો હતો. આ અકસ્માતમાં યુવાનને લીવર ડેમેજ થવાની સાથે શરીરનાં ભાગે ગંભીર ઈજાઓ થતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જેનું સારવાર દરમિયાન મોત નિપજતા સેકટર - ૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ગાંધીનગરના સેકટર - ૪/એ પ્લોટ નંબર ૧૧૪/૧ માં રહેતો સુરેશ જીવાભાઈ માળીનો ૨૮ વર્ષીય ભાઈ પ્રકાશ પેથાપુર ખાતે ઈલેક્ટ્રિકલનો વ્યવસાય કરતો હતો. ગત તા. ૯ મી ઓક્ટોબરનાં રોજ સુરેશ ઘરે હાજર હતો. એ વખતે તેના પિતાએ ફોન કરીને જાણ કરેલી કે પ્રકાશ એક્ટિવા લઈને ઘરે આવી રહ્યો હતો. એ દરમ્યાન ગ - ૨ સર્કલ પાસે તેના એક્ટિવાને અકસ્માત થયો છે. જેનાં પગલે સુરેશ તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દોડી ગયો હતો. જ્યાં પ્રકાશને પ્રાથમિક સારવાર કરાવી વધુ સારવાર અર્થે ઘ દોઢ પાસેની ખાનગી હોસ્પિટલ લઈ જવાયો હતો.



# માણસાના રીદ્રોલ ગામે જોગણી માતાના મંદિર આગળ રમતાં ૬ વર્ષના બાળકનું રિક્ષાની ટક્કરે મોત નીપજ્યું

માણસા તાલુકાના રીદ્રોલ ગામે જોગણી માતાના મંદિર આગળ રમતાં બાળકને રીક્ષા ચાલકે પોતાની રીક્ષા ગફલતભરી રીતે હંકારી ટક્કર મારી ચઢાવી દીધી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ બાળકનું ઘટનાસ્થળે મોત નિપજતા માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.માણસા તાલુકાના રીદ્રોલ ગામમાં ઠાકોર વાસમાં રહેતા જગદીશજી અમરતજી ઠાકોર જલારામ સેલ્સ સરદાર માર્કેટ ખાતે નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જેમને સંતાનમાં બે દિકરા પૈકી મોટો દીકરો જયપાલ છ વર્ષની ઉંમરનો હતો. ગઈકાલે જગદીશજી નોકરીથી પરત ઘરે જઈ રહ્યા હતા.એ દરમ્યાન તેમના પિતાએ ફોન કરીને તેમને તાત્કાલિક માણસા સિવિલ હોસ્પિટલ બોલાવી લીધા હતા. જ્યાં માલુમ પડયું હતું કે, સાંજના સવા સાતેક વાગ્યાના અરસામાં તેમનો છ વર્ષનો દિકરો જયપાલ જોગણી માતાના મંદિર આગળ રમી રહ્યો હતો.



તે વખતે ગામના ઠાકોર પ્રકાશજી કાળાજીએ પોતાની સીએનજી રીક્ષા પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારીને જયપાલને ટક્કર મારી હતી. જેનાં કારણે જયપાલ જમીન પર પટકાયો હતો. એજ ઘડીએ પ્રકાશ ઠાકોરે રીક્ષા જયપાલ પર ચઢાવી દીધી હતી.આ ઘટનાના પગલે બુમાબુમ થતા આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. બાદમાં ગંભીર ઈજાગ્રસ્ત જયપાલને માણસા સિવિલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે જયપાલને મૃત જાહેર કર્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.